# શહેરમાં નવરાત પર્વની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

## સેકટરોની શેરીઓમાં ભાવિકો શકિતની ભકિતમાં તરબોળ બન્યા : વરસાદી વિલન ન બનતા ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા : દશેરા પર્વની પણ શાનદાર ઉજવણી કરાઇ

ગાંધીનગર તા ૩૦

નવ નવ દિવસની નવદુર્ગાની આરધના સાથે નવલી નવરાતનુ પર્વ નિવર્ધ્ને સંપન્ન થયુ છે. નવરાત પર્વ દરમિયાન કોઈપણ પ્રકારનો અનઈચ્છનિય બનાવ બનવા પામ્યો નથી. જયારે ગરબા મહોત્સવની ઉજવણીમાં પણ શક્તિની ભકિત સાથે ખૈલેયાઓએ મનભરીને ગરબે ઘુમવાનો આનંદ મેળવ્યો છે. નવરાતના પ્રારંભે વરસાદ ગમે ત્યારે ખાબકે તેવા એંધાણ વર્તાતા હતા જયારે હવામાન વિભાગના તજજ્ઞો દ્વારા પણ વરસાદ વરસશે તેવી આગાહી કરવામાં આવી હતી જો કે નવરાત પર્વની ઉજવણીમાં વરસાદી વાદળો હટી જતા ગરબા પ્રેમીઓનો ઉત્સાહ બેવડાયો હતો. નવરાતના અંતે આજે નગરજનોએ અધર્મ પર ધર્મના વિજયનુ મહાત્મય વર્ણવતા દશેરા પર્વની પણ શાનદાર ઉજવણી કરી હતી.

નવલી નવરત પર્વની ગરબાપ્રેમીઓ આખુ વર્ષ રાહ જોતા હોય છે. ત્યારે નવરાત -૨૦૧૭ દરમિયાન ખૈલેયાઓએ મનભેર ગરબે ઘુમવાની મજા માણી હતી. નવરાત પર્વની શાંતિપુર્ણ અને ભકિતમય માહોલમાં ઉજવણી સંપન્ન થઈ છે. નોરતા દરમિયાન શહેરમાં એક પણ ઠેકાણે કોઈપણ પ્રકારનો અનઈચ્છનિય બનાવ બનવા પામ્યો ન હતો. નવલી નવરાત દરમિયાન સેકટરોની શેરીઓમાં શકિતની ભકિતનો અનોખો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો. સાંજ ઢળતા જ સેકટરોમાં જગમગતી રોશની વચ્ચે ગરબાની રમઝટ જામતી હતી. સેકટરોમાં ભાવિકોએ ભવ્ય શેરી ગરબાની મજા માંણી હતી. જયારે શહેરમાં સાંસ્થાકીય ગરબા મહોત્સવની ઉજવણી અંતર્ગત પણ ગરબાની રંગત જામી હતી. નવરાત પર્વની આખરી રાત્રે ખૈલેયાઆએ મેગા ફાઈનલમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નવલી નવરાત પર્વ દરમિયાન મોસમે પણ યારી આપતા ખૈલેયાઓની ચિંતા હળવી થઈ હતી. નવરાત દરમિયાન આકાશમાંથી વાદળો દુર થતા વરસાદી વિધ્ન આડે ન આવતા ગરબા પ્રેમીઓ મુડમાં જોવા મળ્યા હતા. નવરાતના અંતે સેકટરોમાં આઠમ અને નોમની રાતે નવદુર્ગાની વિશેષ પુજા અર્ચના થઈ હતી. આઠમની રાતે સેકટરોમાં મહાઆરતીથી વાતાવરણ દિવ્ય બન્યુ હતુ. જયારે માંઈમંદિરોમાં નવચંડી યજ્ઞ સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. નવલી નવરાતની ઉજવણી શાંતિપુર્ણ અને ભકિતમય માહોલમાં સંપન્ન થઈ હતી. ખૈલેયાઓ પણ મનમુકીને ગરબે ઘુમવાનો અવસર મળતા ખુશહાલ જોવા મળ્યા હતા.



ગાંધીનગર નજીક સ્થિત ઉનાવા ગામમાં પણ નોમના પર્વની અનોખી ઉજવણી કરવામાં આવે છે. અગાઉ પૌરાણિક કાળમાં માતાજી પર બલી ચઢાવવાની પ્રથાને નાદુબ કરવા ભગવાન સ્વામિનારયણે પણ સમાજને સંદેશો પાઠવ્યો હતો. જયારે ગામમાં નોમના દિવસે મહાકાળી મંદિર સામે ચાંચર ચોકમાં સ્થિત અગ્નિકુંડમાં ભુવાઓ માતાજીનુ નામ લઈ અંગારામાં કુદે છે. ગઈકાલે રાત્રે પણ ભાવિકોને આ અનોખી શ્રધ્ધા ભકિતના દર્શન થયા હતા. ગામના તમામ મંદિરો ફરીને માતાજીની રજા મેળવી ભુવાઓએ ધગધગતા અંગારા વચ્ચે કુંડમાં કુદતા નજરે પડયા હતા.

# વિજયાદશમી પર્વે મુખ્યમંત્રીનું સુરક્ષાકર્મીઓ સાથે શસ્ત્રપૂજન

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિજ્યાદશમી પર્વે ૧૫૦ જેટલા સુરક્ષા કર્મીઓ સાથે મુખ્યમંત્રી આવાસમાં શસ્ત્ર પૂજનનો મહિમા મંડિત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીની સુરક્ષા વ્યવસ્થામાં સંકળાયેલા કમાન્ડો જવાનોના શસ્ત્રોનું પૂજન તેમણે શ્રીમતી અંજિલબહેન રૂપાણી અને સુરક્ષા જવાનોની ઉપસ્થિતિમાં સંપન્ન કર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ શસ્ત્રપૂજનની આ પરંપરાને રક્ષા-સુરક્ષા અને સલામતિ માટેની પ્રતિબધ્ધતા વર્ણવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ વિજયોત્સવ સત્યનો જય,અસત્યનો પરાજય તેમજ અધર્મ ઉપર ધર્મ, અનિતી ઉપર નિતીનો વિજય ઉત્સવ તરીકે સૈકાઓથી સમાજજીવનમાં પ્રસ્થાપિત થયેલો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આસૂરી શકિત અને જૂઠ પર સત્યની શકિત રામાયણ-મહાભારત કાળથી જીત મેળવતી રહી છે. આપણે સૌ પણ રાષ્ટ્ર-રાજ્ય-સમાજજીવનની રક્ષા-સુરક્ષામાં આડે આવતી અવરોધક તાકાતો-પડકારોને નાથીને સમૃધ્ધિ-વિકાસ-ગતિ પ્રગતિ માટે શસ્ત્ર અને શાસ્ત્રના આયુધથી સજ્જ છીએ. સુરક્ષા કર્મીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, સુરક્ષા-સલામતિ સાથે જોડાયેલા સેવાકર્મીઓ આધુનિક ટેકનોલોજીયુકત સાધનોથી સજ્જ રહીને રાષ્ટ્ર-રાજય વિરોધી આતતાયી શકિતઓને પરાસ્ત કરવા સક્ષમ છે તે આ પૂજન ઉત્સવથી પ્રતિબિંબિત થાય છે.

ગુજરાતના સમાજ જીવનની રક્ષા-સલામતિ પ્રગતિશીલતાના પાયામાં સુરક્ષા જવાનોની ફરજ પરસ્તી શક્તિ ભક્તિ રહેલા છે તેનો વિશેષ ઉલ્લેખ તેમણે કર્યો હતો.

તેમણે વિજયાદશમીના આ પર્વે એવી કામનાઓ વ્યકત કરી કે, ગુજરાત પર આસૂરી તત્વોનો ઓછાયો કયારેય ન પડે અને સમૃધ્ધિ-વિકાસ પ્રગતિની પરાકાષ્ઠા જનસહયોગથી ઊજાગર થાય.

# જિલ્લાના ૩૦ ગામોમાં સ્વચ્છતા અભિયાનનો પ્રોજેકટ ગાંધી જયંતિથી પ્રથમ તબક્કામાં અમલી બનશે

## ૩૩૦૦થી વધુ વસતી ધરાવતા ૧૨૦ જેટલા ગામો છે એટલે બે તબક્કે આગળ વધવાનો તંત્રએ નિર્ણય કર્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ૩૦ ગામોમાં પ્રથમ તબક્કાનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. ૨જી ઓકટોબરથી આ અભિયાનનો વિધિવત્ આરંભ થશે. જે ૩૦ ગામોની પસંદગી કરવામાં આવી છે તેમાં ગાંધીનગર-માણસા તાલુકાના ૧૦-૧૦ ગામ તેમજ કલોલ-દહેગામના ૫-૫ ગામનો સમાવેશ થાય છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બોરીજ ખાતે સ્વચ્છતા મિશનની પખવાડિયાની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો ત્યારે જાહેરાત કરી હતી કે ૩૩૦૦ થી વધુ વસતી ધરાવતા ગ્રામ્ય વિસ્તારમાં ઘન કચરાના નિકાલની તમામ વ્યવસ્થા કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ૩૩૦૦ થી ૫૦૦૦ની વસતી ધરાવતા ગામોની સંખ્યા ૧૨૦ જેટલી છે. સ્વચ્છતા મિશનની આ કામગીરીની અમલ માટે બે તબક્કામાં આગળ વધવાનો નિર્ણય જિલ્લા તંત્રએ લીધો છે.

જિલ્લા સુખાકારી સમિતિની તાજેતરમાં મળેલ બેઠકમાં આ ૩૦ ગામોની પસંદગી કરવામાં આવી છે અને આ દિશામાં આગળ વધવાનો આખો રોડ મેપ તૈયાર કરી દેવાયો છે.

આ બેઠકમાં ઘન કચરાના કલેકશન માટે સાધનો તેમજ નિકાલની વ્યવસ્થા સહિતના તમામ પાંસાઓને પણ મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે.

જિલ્લામાં પ્રથમ તબક્કામાં જે ૩૦ ગામો પસંદ કરાયા છે. તેમાં ગાંધીનગર-માણસાના ૧૦-૧૦ તેમજ કલોલ-દહેગામના ૫-૫ ગામનો સમાવેશ કરાયો છે. આ ગામોના સ્વચ્છતા અભિયાન માટે તાલુકા કક્ષાના અધિકારીઓને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે જેથી કયા-કયા પ્રશ્નો બને શું શું અંતરાયો આવે છે તેનાથી તંત્ર વાકેફ થઈ શકે અને બીજા તબક્કામાં કેવી રીતે આગળ વધવું તે માટેની વ્યુહરચના તૈયાર કરી શકાય.

ગાંધીનગર જિલ્લો ઓ.ડી.એફ થયા પછી સામુહિક રીતે સ્વચ્છતા અભિયાનની દિશામાં આગળ વધી રહ્યો છે. ગ્રામીણ વિસ્તારોની પસંદગી પછી હવે ત્યાં સાધનો અને અન્ય આનુસંગિક કાર્યવાહીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

૨જી ઓકટોબરના રોજ મળનાર ગ્રામસભામાં પણ સ્વચ્છતા અભિયાન તેમજ નદી બચાવો અંગે વિશેષ પ્રતિભા વાંચન કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# દશકોશી કડવા પાટીદાર સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૯

દશકોશી કડવા પાટીદાર સમાજ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં શ્રી ઉમિયા માતાજી મંદિર, સે. ૧૨ ખાતે યોજાઈ હતી.





જેમાં વર્ષ-૨૦૧૭-૧૮ માટે પ્રમુખ તરીકે જયેશભાઈ બી. પટેલ તથા મંત્રી તરીકે વિનોદભાઈ બી. પટેલ તથા પ્રહલાદભાઈ પટેલ, ઉપપ્રમુખ દેવેન્દ્રભાઈ પટેલ, સહમંત્રી ભરતભાઈ પટેલ, ખજાનચી કનુભાઈ પટેલ, આંતરિક ઓડીટર તથા જગદીશભાઈ પટેલની કાનૂની સલાહકાર તરીકે સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે.

# સ્વચ્છતા વિદ્યાલય પુરસ્કાર ૨૦૧૭ ૧૮ માટેની અરજીઓ માંગવામાં આવી

ગાંધીનગર, તા.૩૦

સ્વચ્છતા વિદ્યાલય પુરસ્કાર વર્ષ ૨૦૧૭-૧૮ માટે શિક્ષણ વિભાગ દ્વારા અરજીઓ માંગવામાં આવતાં જિલ્લાનું શિક્ષણ તંત્ર હરકતમાં આવ્યું છે અને તે અરજીપત્રકો ભરવા માટે જે તે શાળાઓને કહેવામાં આવી રહ્યું છે.

આ સ્વચ્છતા વિદ્યાલય પુરસ્કાર માટે ફાઈવસ્ટાર, ફોર સ્ટાર, થ્રી સ્ટાર જેવી માર્કિંગ પધ્ધતિ અપનાવવામાં આવશે. પ્રથમ જિલ્લા કક્ષાએ આ સ્પર્ધા થશે આ પછી ફાઈવ સ્ટાર રેન્કીંગ ધરાવતી શાળાઓ રાજયકક્ષાએ સ્પર્ધા માટે જશે અને રાજયકક્ષાએ સફળ થનાર ૧૦૦ સ્કુલોને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે નોમીનેટ કરાશે.

રાજય કક્ષાએ સફળ થનાર શૈક્ષણિક સંસ્થાને રૂ. ૫૦ હજારની વિશેષ ગ્રાન્ટ આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૧૯-૧૦-૧૭ એ અરજીપત્રકો ભરવાની અંતિમ તારીખ છે. ઓનલાઈન એન્ટ્રી માટે છેલ્લી તારીખ ૨૭-૧૦-૧૭ છે. જિલ્લા કક્ષાની સ્પર્ધાનું પરીણામ તા. ૨૫-૧૧-૧૭ના રોજ જાહેર થશે. જયારે રાજયકક્ષાનું પરિણામ ૭મી જાન્યુ ૨૦૧૮ના રોજ જાહેર થશે. રાષ્ટ્રીય સ્પર્ધાનું પરિણામ ૩૧ માર્ચના રોજ જાહેર થશે.

૨૦૧૬-૧૭માં જિલ્લાની એક પણ શાળાની એવોર્ડ માટે પસંદગી થઈ ન હતી આથી હવે તંત્ર પુરેપુરી તૈયારી સાથે આ સ્પર્ધા માટે આગળ વધી રહેલ છે.




# કલોલ-મહેસાણા માર્ગ પર નંદાસણ અને કલોલ પાસે બે ઓવરબ્રિજનું ખાતમુર્હૂત

ગાંધીનગર, તા. ૩૦

કલોલ- મહેસાણા હાઈવે પરની ટ્રાફિક અને અકસ્માતની સમસ્યાને હલ કરવાના ઉમદા



આશયથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા કલોલ અને નંદાસણ નજીક રૂપિયા ૯૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવનાર છે. દશેરાના પાવન પર્વે રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે બન્ને ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં કલોલની સિંધબાજ હોટલ નજીકનો ઓવરબ્રિજ રૂ. ૫૦ કરોડના ખર્ચે અને નંદાસણ ચોકડી પાસેનો ઓવરબ્રિજ રૂ. ૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામશે.

કલોલ ખાતે યોજાયેલ ખાતમુર્હતૂ સમારંભમાં રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારે હમેંશા જનસુખાકારીના કામોને પ્રાધાન્ય આપ્યુંછે. કલોલ—મહેસાણા હાઈવે આજે વાહનોથી ધમધમતો માર્ગ છે. આ માર્ગ પર ભવિષ્યમાં ટ્રાફિકની જટિલ સમસ્યા ઉભી ન થાય અને માર્ગથી નજીકમાં રહેણાંક, સ્કુલ-કોલેજ તથા ધંધા-રોજગારનો વિકાસ થવાથી નાના મોટા અકસ્માતની દુર્ઘટના ન બને તેવા શુભ આશયથી કલોલ અને નંદાસણ નજીક ટુંક સમયમાં ઓવરબ્રિજનું કામ પૂર્ણ કરવામાં આવશે. આ ઓવરબ્રિજનું નિર્માણ થયા બાદ કલોલ વાસીઓને હાઈવેને ક્રોસ કરવાની જરૂર નહિ રહે. થોડાક સમય અગાઉ હાઈવેથી કલોલ નગરના પ્રવેશ દ્વાર પાસે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યુંછે. કલોલ ખાતે યોજાયેલ સમારંભમાં કલોલ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી આનંદીબેન પટેલ, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર, કલોલના પૂર્વ ધારાસભ્ય ડાં. અતુલભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, માર્ગ અને મકાનના સચિવ એસ. બી. વસાવા, ચીફ ઈજનેર કે. એમ.પટેલ સહિત મોટી સંખ્યામાં કલોલના નગરજનોન ઉપસ્થિત રહ્યાં હતાં.




‘હું વિકાસ છું. હું ગુજરાત છું.’

‘આ નવું શું લાયા. રોજ નવા તીકડમ આવ્યા કરે છે.’

‘તીકડમ નથી સાહેબ, તીકડમ નથી. સોશિયલ મીડિયાની અમારી ટેગ લાઈન છે. જો જોને હવે...’

‘ઓ...હો. હવે ભડાકાને ધડાકા એમ..?

ગાંડો વિકાસ ડાહ્યો થયો એવી વાત કરવાની છે? તમે દર વખતે બદલ્યા કરો છો હોં. ગતિશીલ ગુજરાત, અડીખમ ગુજરાત અને હું ગુજરાત છું? ગભરાઈ ગયા છો કે શું?’

‘અમારે શાનું ગભરાવવાનું, અમારે ગભરાવવા ભભરાવવાનું ના હોય સાહેબ, પ્રજા અમારી સાથે છે ને પ્રજાએ વિકાસ જોયો છે. એટલું જ નહી, અનુભવ્યો છે. હવે તમારા તીકડમોથી પ્રજા દોરવાવાની નથી.’

‘તીકડમ તો કોણ કરે છે ને કેટલાં કરે છે એ સૌને ખબર છે. અમારાવાળાએ વિકાસ ગાંડો થયો છે એવી ટેગ લાઈન બનાવી એટલે તમે ટેગ લાઈન બદલી નાંખી, હું વિકાસ છું. અમે દ્વારકામાં દર્શન કરવા ગયા હવે તમારા નેતા દ્વારકા જશે.’ કોપી કરો છો કે શું ?

‘આ તો તમારો ભ્રમ છે ભ્રમ. અમારા સાહેબના કાર્યક્રમો તો બબ્બે મહિના પહેલા થયા હતા અને નકલ તો તમે કરો છો ને કરવી પડે છે એટલે ફાંકા મારશો નહીં.’

‘ભઈ, ફાંકાની કોઈ વાત જ નથી. જે લાગ્યું એ કહ્યું. એમાં ઉશ્કેરાઓ છો શેના? આ તો સત્તાની રમત છે. જાગતો જીતે ને ઉંઘતો હારે...!’

‘એ તો ઠીક છે બધુ ઉશ્કેરાટ એટલે આવે છે કે આટઆટલા વિકાસના કામો કર્યા તોય તમારાવાળાને વિકાસ દેખાતો નથી અને ગાંડો થયો છે.. રઘવાયો થયો છે...લપસી પડયો છે જેવા મજાકીયા મેસેજથી વાતાવરણને ડહોળી નાંખ્યુ છે.. ડહોળી નાંખ્યું એનો ગુસ્સો છે.’

‘અહં...તમે ચોવીસ કેરેટના... તમે ડાહ્યા ડમરા... તમે ઉશ્કેરાટ ના કરો, તમે ખોટું ના બોલો... પ્રજાના અદના સેવક તમે.. આવી ઠાલી ઠાલીને અને ખાલી ખાલી વાતો ખૂબ સાંભળી છે..ને હવે તમને અંદરનો ભય છે કે પ્રજાને સાચી વાતની ખબર તો નહી પડી ગઈ હોય...!’

‘ભય એ નથી ને ભ્રમ એ નથી. ભરપુર આત્મવિશ્વાસ છે અને એમાં અમારે કંઈ કહેવાની જરૂર જ નથી. પરિણામ જ બતાવશે. આ તો તમારા જુઠ્ઠાણાઓનો પર્દાફાશ કરવા સભાઓ અને સંમેલનો કરવા પડે. બાકી ડંકાની ચોટ પર ગુજરાતની પ્રજા અમને સત્તા પર બેસાડશે એમાં મીનમેખ નથી...’

‘જોઈશું ને અમે. મામાનું ઘર કેટલે...’

‘આપણે દેકારાને પડકારા છોડી ધરતીની વાતો કરીએ. પ્રજાની સુખાકારીની વાતો કરીએ. ગાંધીના ગુજરાતની વાત કરીએ. સરદારની અડગતાની વાત કરીએ. નરસિંહની શ્રધ્ધાની વાત કરીએ. વિક્રમ સારાભાઈની ગૌરવ ગાથા ગાઈએ. આ જ ગુજરાત છે. આ જ ગૌરવ છે....’

# રૂપાલ ભાવિકોથી ઉભરાયું

ગાંધીનગર,તા. ૩૦

નવરાત્રી પર્વના છેલ્લા દિવસે ગાંધીનગર પાસે આવેલા રૂપાલ ગામ નજીક વરદાયીની માતાના મંદિરથી અભૂતપૂર્વક ધાર્મિક માહોલ વચ્ચે પલ્લી કાઢવામાં આવી હતી. પલ્લીની સાથે સાથે નીચે મુજબ છે

- નવરાત્રીના નોમના દિવસે રૂપાલમાં માતા વરદાયિની માતાજીની પલ્લી નિકળે છે
- હજારો લાખોની સંખ્યામાં ભક્તો દ્વારા ઘીનો અભિષેક કરવામાં આવે છે
- માત્ર અમદાવાદ અને ગુજરાતના શ્રદ્ધાળુઓ જ નહી બલ્કે અન્ય રાજ્યોના લોકો પણ માતાજીના દર્શન કરવા માટે રૂપાલ પહોંચે છે



- મોડી રાત્રે ૧૨ વાગ્યાના ટકોરે જ ધાર્મિક વિધી અને શ્રદ્ધાળુઓના જોરદાર ધસારા વચ્ચે પલ્લી કાઢવામાં આવે છે
- શુક્રવારના દિવસે સાંજથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રૂપાલ પહોંચી ગયા હતા
- શુક્રવારે સાંજથી રૂપાલ તરફ દોરી જતા માર્ગો પર શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા
- લોકોના અવિરત પ્રવાહથી રૂપાલનુ વાતાવરણ પાવન બની ગયુ હતુ
- જય વરદાયિની માતાના જય ઘોષ કરતા પગપાળા શ્રદ્ધાળુઓ માર્ગો પર જોવા મળી રહ્યા હતા
- કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. વાહનોની ચકાસણી પહેલાથી જ ઝડપી કરવામાં આવી હતી
- ફુડ વિભાગ દ્વારા સાવચેતી રૂપે ઘીના નમુના લેવામાં આવ્યા હતા
- પલ્લીની શરૂઆત ઉનાવા ગામના ઠાકોર સમાજના લોકો યજ્ઞ કુંડમાં કુદવાની પરંપરા બાદ થાય છે
- ગામના રસ્તા પર અભિષેક વેળા ઘીની નદીઓ વહેતી થઈ જાય છે

## બાધા અનુસાર શ્રદ્ધાળુ દ્વારા ઘીની ખરીદી થઈ

ગાંધીનગરથી આશરે ૧૨ કિલોમીટરના અંતરે આવેલા રૂપાલ ગામમાં ભવ્ય પલ્લીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. પરંપરાગત રીતે નિકળેલી પલ્લીમાં ટ્રેકટર ટ્રોલી



શુદ્ધ ઘીથી છલોછલ નજરે પડી હતી. શેરીઓ અને ઘરને પણ વિશેષ રીતે શણગારવામાં આવ્યા હતા. મંદિરની સામે અને મંદિર આસપાસમાં ઘી વેચનારા વેપારીઓ નાની મોટી દુકાનો અને હાટડીઓ ખોલીને બેસી ગયા હતાં.